## ખાનગી બેન્કોનું ઊંચું મૂલ્ય અને PSU બેન્કોની કફોડી સ્થિતિ જવાબદાર

# બેન્કોને બદલે રોકાણકારો NBFC તરફ વળ્યાં




| | |
|---|---|
| NBFCsની લોન રકમ ઓછી હોવાથી બેડ લોન પણ નિયંત્રણમાં હોય છે | સરકારી બેન્કોનું કુલ માર્કેટ-કેપ હાલ લગભગ ₹2.71 લાખ કરોડ |
| મોંઘા વેલ્યુએશનને કારણે ખાનગી બેન્કોમાં લેવાલી ઘટી | ગત વર્ષે PSU બેન્કોના મૂલ્યમાં કુલ 30 ટકા ઘટાડો નોંધાયો હતો |

જ્યારે NBFCsનું માર્કેટ કેપ ₹4.78 લાખ કરોડ

**સૈકત દાસ > મુંબઈ**

ખાનગી બેન્કોનું મૂલ્ય ઘણું વધી ગયું છે અને PSU બેન્કો બેડ લોનના બોજ નીચે દબાયેલી છે. આવી સ્થિતિમાં રોકાણકારો નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFCs)ના વિકલ્પ તરફ વળ્યા છે. સરકારી બેન્કોનું કુલ માર્કેટ-કેપ હાલ લગભગ ₹૨.૭૧ લાખ કરોડ છે, જે NBFCsના ₹૪.૭૮ લાખ કરોડના માર્કેટ-કેપની તુલનામાં અડધું છે.

છેલ્લા કેટલાક સમયમાં અમુક NBFCsમાં આકર્ષણ વધ્યું છે. જેમાં બજાજ ફાઈનાન્સ, ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ, શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ અને મહિન્દ્રા ફાઈનાન્સનો સમાવેશ થાય છે. IIFLના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડન્ટ (માર્કેટ્સ અને કોર્પોરેટ અફેર્સ) સંજીવ ભસિને જણાવ્યું હતું કે, "અગ્રણી નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓમાં રોકાણકારોનું આકર્ષણ ઘણું વધ્યું છે. કારણ કે મોંઘા વેલ્યુએશનને કારણે ખાનગી બેન્કોમાં લેવાલી ઘટી છે. કાર્યક્ષમ મેનેજમેન્ટને પગલે રિટેલ અને ટોચની NBFCs સારી જણાય છે."

PSU બેન્કોના મૂલ્યમાં ગયા વર્ષે કુલ ૩૦ ટકા ઘટાડો નોંધાયો હતો. તેની સામે HDFC સહિત NBFC શેરોમાં ૪.૬ ટકા સુધારો હતો. કોટક બેન્ક, યસ બેન્ક, એક્સિસ બેન્ક અને HDFC બેન્કના શેર હાલ બુક વેલ્યૂના 2.7 ગણા ભાવે ઉપલબ્ધ છે. સેન્ટ્રમ બ્રોકિંગના CEO સંદીપ નાયકે જણાવ્યું હતું કે, "ખાનગી બેન્કોનું વેલ્યુએશન ઊંચું છે, જે તેમને બિનઆકર્ષક બનાવે છે. PSU બેન્કોની ધિરાણવૃદ્ધિની શક્યતા મંદ છે. જેની સામે લોનબુકમાં સ્થિર વૃદ્ધિ દર્શાવનારી NBFCs રોકાણકારોની ફેવરિટ બની છે."

ફાઈનાન્સ સેક્ટરમાં બજાજ ફાઈનાન્સનું માર્કેટ-કેપ ૮૨ ટકા ઊછળ્યું છે. જ્યારે ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ, શ્રીરામ ટ્રાન્સપોર્ટ અને ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટના બજાર મૂલ્યમાં ૪૩ ટકાથી ૬૩ ટકાની રેન્જમાં વધારો નોંધાયો છે. NBFCsની લોન રકમ ઓછી હોવાથી બેડ લોન પણ નિયંત્રણમાં હોય છે. ઉપરાંત, લોનધારકો સાથે સઘન સંપર્કને લીધે NBFCs રિકવરી પણ ઝડપથી કરે છે. SBI મ્યુચ્યુઅલ ફંડના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર નવનીત મુનોતે જણાવ્યું હતું કે, "રિટેલ પર ધ્યાન કેન્દ્રિત કરનારી NBFCsને પસંદ કરી શકાય. સાચા રિસ્ક મેનેજમેન્ટ અને કાર્યક્ષમ વસૂલાતને કારણે તેમણે નફાકારક વૃદ્ધિ દર્શાવી છે."